
શૈશવ
બાળ અધિકાર સંસ્થા
SAY NO TO CHILD LABOUR
YES TO EDUCATION

# બાળ મજૂર...

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## કેટલીક વ્યખ્યા

- પરંપરાગત વ્યખ્યા મૂજબ ૫ થી ૧૪ વર્ષના આર્થિક ઉપાર્જન મેળવે તેવા કામોમાં હોય તો તેને બાળમજૂર કહેવાય, જેને કામના બદલામાં કોઇ પ્રકારે વળતર મળે છે.
- આંતરાષ્ટ્રીય શ્રમ સંચાલન મુજબ :

  બાળ મજૂરી એટલે જેનાથી બાળકનું બાળપણ હણાંય, તેનું ગૌરવ અને સન્માન હણાંય, જેને પરિણામે તેનું શિક્ષણ અને કૌશલ્ય છીનવાય, જેનાથી તેના આરોગ્યને અને વિકાસને હાની પહોંચે તેવું કોઇ પણ કામ

# બાળ મજૂરી અંગે બંધારણીય જોગવાઈઓ

| | | |
|---|---|---|
| કલમ ૧૫ (૩) | ▪ | સ્ત્રીઓ અને બાળકોના રક્ષણ માટે રાજયને અધિકૃત કરવામાં આવ્યા છે. |
| કલમ ૨૧ | ▪ | કાયદા દ્વારા અધિકૃત થઇ હોય તેમ કોઇ પણ પ્રક્રિયા સિવાય કોઇપણ વ્યકિતને તેના જીવન અને સ્વતંત્રતાના અધિકારને છીનવી શકાય નહી. |
| કલમ ૨૧ (એ) | ▪ | ૬ થી ૧૪ વર્ષના સિવાય બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર |
| કલમ - ૨૩ | ▪ | કોઇપણ પ્રકારનાં અમાનવીય કાર્યો માટે, ભીખ માંગવા કે પછી બળજબરીથી મજૂરીમાં જોડવા પર પ્રતિબંધ |
| કલમ - ૨૪ | ▪ | ૧૪ વર્ષથી નાના કોઇપણ બાળકને કારખાના, ખાણ – ખનીજ કે જોખમી વ્યવસાયોમાં રાખી શકાશે નહીં. |

# બંધારણીય જોગવાઈઓ (૨)

કલમ – ૩૮ (૧)

– ન્યાય, આર્થિક અને રાજકીય રીતે સમાજમાં પાછળ રહેલા લોકો ને અસરકારક રીતે રક્ષણ આપીને તેઓના કલ્યાણ માટે રાજ્ય ખાત્રી કરશે.

કલમ – ૩૮ – (ઇ)

– રાજ્ય ખાત્રી કરશે કે બાળકની ઉંમરને ધ્યાનમાં લઈ તેની સતામણી ના થાય કે આર્થિક ઉપાર્જન માટે બળજબરી ના થાય તેના માટે નીતીઓ બનાવશે.

કલમ – ૩૮ – (એફ)

– બાળક તેની સ્વતંત્રતા, ગૌરવ અને બાળપણનો સ્વસ્થ વિકાસ કરી શકે તેવી તકો ઉપલબ્ધ કરવી અને યુવાનોને શોષણ, અનૈતિકતા અને ભૌતિક નીતિભ્રષ્ટતા સામેરક્ષણ આપવું.

# બંધારણીય જોગવાઈઓ (૩)

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

| | |
|---|---|
| કલમ - ૪૨ - ૪૩ | ▪ રાજ્ય એ પણ ખાત્રી કરશે કે લોકોને ન્યાયપૂર્ણ અને માનવીય પરિસ્થિતિમાં કામ મળે, આ માટે જરૂરી કાયદા - નીતી ઘડવા, આર્થિક સંસ્થાને વિકસાવવા કે અન્ય રીતે પણ કામ કરનારને જીવન જીવવા યોગ્ય વેતન મળે, કામ યોગ્ય સ્થિતિમાં થયું હોય, કાયમી રોજગારી મળે અને સાથોસાથ કામમાંથી યોગ્ય રજા મળે અને સામાજિક- સાંસ્કૃતિક જીવન માટેની તક મળે, આમાં બાળકોને પણ સમાવેશ થાય છે. |
| કલમ - ૪૫ | ▪ ૬ વર્ષ સુધીના તમામ બાળકોની નાની વયે પૂરતી અને યોગ્ય કાળજીની સાથોસાથ શિક્ષણ મળે તે માટે ખાત્રી કરશે. |
| કલમ - ૪૬ | ▪ સમાજના પછાત વર્ગો, શીડયુઅલ કાસ્ટ, શીડયુઅલ ટ્રાઈબ, આગળ વધે તે માટે ખાસ શિક્ષણ અને આર્થિક હિતો માટે વ્યવસ્થાઓ કરશે. |
| કલમ - ૪૭ | ▪ રાજ્ય ખાત્રી કરશે કે લોકોને જીવન - જીવવાના ઉચ્ચત્તમ ધારાધોરણો મળે આ બાબતમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. (૯) |

# બાળશ્રમ સામે આંતરરાષ્ટ્રીય નીતિ / કાયદાઓ

- ધ સ્લેવરી કન્વેન્શન - ૧૯૨૬
- ધ સપ્લીમેન્ટરી કન્વેન્શન ઓન એબોલીશન ઓફ સ્લેવરી, સ્લેબ ટ્રેડ એન્ડ ઈન્સ્ટીટયુશન એન્ડ પ્રેકટીસ સીમીલર ટુ સ્લેવરી - ૧૯૫૬
- યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઈટ - ૧૯૫૮
- ધ ઈન્ટરનેશનલ કન્વેનન્ટ ઓન સિવિલ એન્ડ પોલીટિકલ રાઈટસ્ - ૧૯૬૬
- ધ ઈન્ટરનેશનલ કન્વેનન્ટ ઓન ઈકોનીમીક, સોશ્યલ એન્ડ કલ્ચરલ રાઈટસ્ - ૧૯૬૬
- ધ કન્વેશન ઓન ધ રાઈટસ્ ઓફ ચાઈલ્ડ - ૧૯૮૯
- આઈ એલ ઓ (ILO)
  - કન્વેનશાન કન્સર્નીંગ ફોર્સ્ડ ઓર કમ્પલસરી લેબર (No. 29)
  - કન્વેનશાન કન્સર્નીંગ અબેલીશન ઓફ ફોર્સ્ડ લેબર (No. 105)
  - મીનીમન એજ કન્વેનશાન (No. 138)
  - કન્વેનશાન કન્સર્નીંગ વર્સ્ટ ફોર્મ ઓફ ચાઈલ્ડ લેબર (No. 182)

# બાળમજૂરી પ્રતિબંધ અને નિયમન ધારો - ૧૯૮૬

- નેશનલ કમિશન ઓન લેબર (૧૯૬૬-૬૯)
- ગુરુપાદસ્વામી કમિટિ ઓન ચાઇલ્ડ લેબર (૧૯૭૯)
- સનત મહેતા કમિટિ (૧૯૮૪) અને અન્યો

# બાળ મજૂરી પ્રતિબંધ અને નિયમન ધારો - ૧૯૮૬

- બાળશ્રમ નાબૂદી માટે પ્રથમવાર સંકલ્પબધ્ધતા
- મુખ્ય હેતુઓ
  - ચોક્કસ વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં બાળશ્રમ પર પ્રતિબંધ અને
  - અન્ય વ્યવસાયોમાં બાળશ્રમના અનુસંધાનમાં ચોક્કસ ધારા-ધોરણો અને નિયમન

# કેટલાક કાયદાઓ હેઠળ...

- ફેક્ટરી એક્ટની કલમ ૬૭
- માઈન્સ એક્ટની કલમ ૪૫

જેમાં ૧૪ વર્ષ કે ૧૫ વર્ષથી નાના બાળકો પર કામ કરવા અંગે પ્રતિબંધ પણ.......

# CLPRA-1986 મુખ્ય બાબતો

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

- ચોકકસ વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં ૧૪ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે કામનો પ્રતિબંધ
- પ્રતિબંધના અનુસંધાનમાં ધારાધોરણો અને પ્રક્રિયાઓ નકકી કરવામાં આવે જેની હેઠળ નવા વ્યવસાયો કે પ્રક્રિયાઓને પ્રતિબંધીત કરી શકાય.
- જે વ્યવસાયોમાં પ્રતિબંધ મૂકવામાં ન આવ્યો ત્યાં કામ કરતા બાળકો માટે નિયમન અને ધારાધોરણો સુનિશ્ચિત કર્યા.
- કાયદાના ભંગ માટે પેનલ્ટી વધારવામાં આવે કે તેમાં સુધારો કરવાના ધારા-ધોરણ બનાવવામાં આવ્યા.
- ‘‘બાળક’’ કોને ગણવો એ અંગે સર્વસંમતિ સાધવાનો પ્રયાસ
- બાળશ્રમ નાબૂદી અંગે ટેકનીકલ સમિતિની રચનાની સતા

# CLPRA હેઠળ

- ૧૪ વર્ષની ઉંમર પૂરી નથી થઇ તે 'બાળક' ગણાય

# CLPRA-1986 હેઠળ પ્રતિબંધ (સેકશન – ૩)

- ૧૮ વ્યવસાયો (ટ્રાન્સપોર્ટ, બાંધકામ, રેલ્વે, પોર્ટ, ફટાકડા, ઓટોમોબાઇલ, ગેરેજ, હેન્ડલુમ, ખાણ, પ્લાસ્ટિક વગેરે.......)
- ૨૦૦૮ થી ૨૦૧૦ માં સુધારા દ્વારા
  - ડ્રાઈવીંગ (મરજીવા)
  - સર્કલ
  - હાથીની સંભાળ
- ૨૦૦૬માં ડોમેસ્ટીક વર્ક અને ખાણીપીણી પર પ્રતિબંધ

# CLPRA-1986 હેઠળ પ્રતિબંધ

- ૬૫ પ્રક્રિયાઓ (બીડીપેકીંગ, કારપેટ વીવીંગ, લીડ ફેકટરી, ઇંટ ભઠ્ઠા, કાચના કારખાના, ઝરીકામ વગેરે…
- ૨૦૦૮ માં વધુ ૮ પ્રક્રિયાઓ જેવી કે જયાં તાપમાન વધુ હોય તેવા ભઠ્ઠા પાસે કામ કરવું, ફૂડ પ્રોસેસીંગ, બેવરેજીસ ઇન્ડસ્ટ્રીયલ વગેરે.

# લેન્ડમાર્ક કેસ

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## એમ.સી. પહેલા વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ

- બાળ શ્રમિકોનો સર્વે
- બાળકો શ્રમમાંથી મુક્ત બને અને શિક્ષણ પ્રાપ્ત કરે
- માલિકોને રૂ. ૨૦૦૦૦/- નો દંડ
- ચાઈલ્ડ લેબર રીહેબીલીટેશન કમ વેલ્ફેર ફંડ
- બાળશ્રમિકના કુટુંબના મુખ્યને રોજગારી / રૂ. ૫૦૦૦ વળતર
- નેશનલ ચાઈલ્ડ લેબર પોલીસી બને
- ટાસ્ક ફોર્મ / જિલ્લાઓમાં
- બિન જોખમી વ્યવસાયોમાં કામના કલાકો, સ્થિતિ તથા બાળકના શિક્ષણ અંગે શ્રમ વિભાગે વિશેષ ધ્યાન આપવાનું

# CLPRA - 1986 હેઠળ

નિયમન હેઠળ આવરી લીધેલ કામોમાં

- બાળ શ્રમિકના કામના કલાકો નિશ્ચિત કરવા (૬ કલાક)
- બાળકને વધુ માં વધુ ત્રણ કલાકના કામ પછી ૧ કલાકની રીસેસ
- રાત્રીના ૮ થી સવારના ૯ દરમ્યાન બાળક પાસે કામ ન કરાવવું
- કોઈપણ બાળક દિવસ દરમ્યાન બે સ્થળે કામ નહીં કરે
- બાળક જ્યાં કામ કરે છે તે સ્થળે આરોગ્યપ્રદ વાતાવરણ, સલામતી, પૂરતા હવા – ઉજાસ વગેરે
- જે એક બાળકને કામે રાખે તે
  - બાળકના નામ / સરનામા સાથે શ્રમ વિભાગની મંજૂરી મેળવશે.
  - એકમમાં બધા જોઈ શકે તેમ બાળકના કામના કલાક, રીસેસ અને નામ સાથે જાહેરાત
  - બાળક શિક્ષણ મેળવતું હોય તેની ખાત્રી કરવી

# સજા-દંડ

## પ્રથમવારનો ગુનો સેકશન - ૩

- ત્રણ મહિના થી ૧ વર્ષની સજા અથવા ૧૦,૦૦૦ - ૨૦,૦૦૦ રૂા. દંડ અથવા બંન્ને

## બીજીવારનો અથવા ફરી વાર સેકશન - ૩

- ૬ મહિનાથી લઈને ૨ વર્ષ સુધીની સજા

# ધ ચાઈલ્ડ લેબર (પ્રોહીબીશન એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ

## એક્ટ - ૨૦૧૬

---

- સી.એલ.પી.આર.એ - એમેન્ડમેન્ટ બિલ - ૨૦૧૨ (રાજ્યસભામાં ડીસેમ્બર, ૨૦૧૨માં મૂકવામાં આવ્યું)
- એમેન્ડમેન્ટ બિલ - ૨૦૧૨ - સ્ટેન્ડીંગ કમિટિને આપવામાં આવ્યું, કમિટિએ ડીસેમ્બર ૨૦૧૩માં પોતાની ભલામણો સાથે રીપોર્ટ આપ્યો.
- આખરે ધ ચાઈલ્ડ લેબર (પ્રોહીબીશન એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ બિલ - ૨૦૧૬ રાજ્યસભામાં ૧૯ જુલાઈ' ૨૦૧૬ અને લોકસભામાં ૨૬ જુલાઈ' ૨૦૧૬ પાસ થયું અને ૨૯ જુલાઈએ રાષ્ટ્રપતિએ મંજૂરી આપી.

# પુનઃ સંશોધિત નવો કાયદો

<u>**આ કાયદો પ્રતિબંધિત કરે છે....**</u>

- ૧૪ વર્ષથી નાની ઉંમરના બાળકને કોઈપણ કામમાં જોડવા પર પ્રતિબંધ
- જોખમી વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં કામ કરવા માટે તરૂણોને પ્રતિબંધ

<u>**કાયદાનું નવું નામ**</u>

The Child and Adolescent Labour (Prohibition & Regulation) Act' 1986

# સેક્શન – ૨ માં સુધારો

- <u>તરૂણોની વ્યાખ્યા કરવામાં આવી</u>

  જેમણે ૧૪ વર્ષ પૂરા કર્યા છે અને ૧૮ વર્ષની ઉંમર થઈ નથી તેવી વ્યક્તિ

- <u>બાળકની વ્યાખ્યા</u>

  બાળક એટલે એવી વ્યક્તિ કે જેણે ૧૪ વર્ષ પૂરા કર્યા નથી અથવા શિક્ષણ કાયદા હેઠળ નક્કી કરવામાં આવેલ ઉંમર. બે માંથી જે વધુ હોય

# સેકશન - ૩

- કોઈપણ વ્યવસાય કે પ્રક્રિયાઓમાં બાળકને કામે રાખવા અંગે પ્રતિબંધ, કેટલાક અપવાદ સાથે (૪૪)

**અપવાદ**

- શાળા સમય પછી અથવા વેકેશન દરમ્યાન પોતાના કુટુંબને કે પોતાના કૌટુંબિક વ્યવસાયમાં બાળક કામ કરતો હોય તો તે બાળ મજૂર નહીં ગણાય (શેડ્યુલમાં આવેલ જોખમી વ્યવસાયાઓ / પ્રક્રિયાઓ સિવાય)
- મનોરંજન ઉદ્યોગમાં, જાહેરાતમાં, ફિલ્મમાં, ટેલીવીઝનમાં અથવા અન્ય મનોરંજન અથવા રમતગમતમાં સક્રિય હોય તે બાળકને બાળમજૂર નહીં ગણાય ( સર્કસને બાદ કરતાં)
- આ માટે શાળા શિક્ષણ બગડવું જોઈએ નહીં

**કુટુંબ એટલે** : બાળકના સંદર્ભમાં માતા/પિતા, ભાઈ-બહેન, પિતાના ભાઈ-બહેન કે પોતાના ભાઈ-બહેન

**કૌટુંબિક વ્યવસાય :**

એટલે કે એવું કોઈપણ કામ, વ્યવસાય, ઉત્પાદન, કે ધંધો જે કુટુંબના કોઈપણ સભ્ય દ્વારા ચલાવવામાં આવતો હોય જેમાં અન્યો પણ કામ કરતા હોય.

# સેકશન ૩ એ

૧૪ વર્ષથી મોટા અને ૧૮ વર્ષથી નાની ઉંમર ધરાવતા તરૂણો શેડયુઅલમાં જણાવેલ જોખમી વ્યવસાય કે પ્રક્રિયાઓમાં કામ કરી શકે નહીં

<u>સિવાય કે</u>

કેન્દ્ર સરકાર, નોટીફીકેશન દ્વારા નકકી કરે કેઆ વ્યવસાય પ્રક્રિયા જોખમી નથી તો ત્યાં તરૂણો કામ કરી શકે.

# દંડ અને સજા

- ૬ મહિનાથી લઈને ૨ વર્ષ સુધીની જેલની સજા અથવા ઓછામાં ઓછો રૂા. ૨૦૦૦૦ થી લઈને ૫૦૦૦૦ સુધીનો દંડ અથવા બન્ને

<u>એક થી વધુ વાર ગુનો કરે તો</u>

- ૧ વર્ષથી લઈને ૩ વર્ષ સુધીની જેલની સજા
- માતા-પિતાને કોઈ સજા નહીં, સિવાય કે બાળકને કોમર્શીયલ હેતુથી સંમતિ આપી હોય
- પ્રથમ વારનો ગુનો હોય તો માતા-પિતા, વાલીને દંડ નહીં પરંતુ એકથી વધુ વાર ગુનો કરે તો રૂા. ૧૦૦૦૦ સુધીનો દંડ

(બાળક સેકશન - ૩ અને તરૂણો (સેકશન ૩ એ) બન્ને માટે)

# સેક્શન ૧૪/એ, ૧૪/બી, ૧૪/સી, અને ૧૪/ડી નો ઉમેરો

- દરેક જિલ્લામાં અથવા દર બે જિલ્લા વચ્ચે સરકાર '' The Child and Adolescent Labour Rehabilitation Fund''ની રચના કરી તેમાં માલિકને થયેલ દંડની રકમ જમા કરાવવામાં આવશે. આ ઉપરાંત સરકાર પણ રૂા. ૧૫,૦૦૦ સુધીની રકમ પણ ફંડમાં જમા કરાવશે. આ રકમ બાળક / તરૂણના પુનઃવસનમાં ઉપયોગી કરાશે.

- જિલ્લા મેજીસ્ટ્રેટને સતા છે કે માતા-પિતા કે વાલીઓએ કરેલ પ્રથમવારનો કે ત્યારબાદના ગુના અંગે દંડ કરવો કે કેમ.

# સેકશન ૧૭/એ અને ૧૭/બી

- આ કાયદાના મોનીટરીંગ તથા અમલીકરણ અંગે જિલ્લા મેજીસ્ટ્રેટ / કલેકટરને જવાબદારી આપવામાં આવી છે.

- કાયદાના અમલ માટે શ્રમ વિભાગ (Appropriate Government) રૂટિન તથા વિશેષ કામગીરી કરશે.

# શીડ્યુઅલમાં સુધારો

- પ્રતિબંધિત શ્રેણીમાં
  - ખાણ
  - સળગે તેવા પદાર્થો અથવા વિસ્ફોટક
  - જોખમી પ્રક્રિયાઓ (ફેક્ટરી કાયદામાં જણાવેલ જોખમી પ્રક્રિયાઓ)